



## ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં જડબેસલાક લોકડાઉન

કોરોના વાઈરસથી બચવાનો એકમાત્ર જો રામબાણ ઈલાજ હોય તો તે છે સોશિયલ ડિસ્ટન્સિંગ અને આ વાત વિશ્વ આરોગ્ય સંસ્થાથી માંડીને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ સ્થાનિક આરોગ્ય કર્મી પણ કહી રહ્યાં છે. સોશિયલ ડિસ્ટન્સિંગ અસરકારક રીતે જળવાય તે હેતુથી દેશભરમાં લોકડાઉન લાદવામાં આવ્યુ છે અને તેનો અસરકારકતાથી અમલ થાય તે હેતુથી સમગ્ર વ્યવસ્થાતંત્ર કામે લાગ્યુ છે. ગાંધીનગર શહેર ઉપરાંત સમગ્ર જિલ્લામાં પણ ગ્રામ્ય સ્તરે લોકડાઉનનો અસરકારક અમલ થાય તે માટે સઘન પગલાં લેવામાં આવ્યાં છે. કોરોના વાઈરસે ગ્રામ્ય વિસ્તારમાં પણ દસ્તક દેવાનું શરૂ કરી દેતા જિલ્લાના ગ્રામીણ વિસ્તારો સ્વયંભૂ રીતે લોકડાઉનમાં સહયોગ આપી રહ્યાં છે. ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોમાં લોકડાઉનની સ્થિતિ અત્રે વિવિધ તસવીરો દ્વારા સ્પષ્ટ જોઈ શકાય છે.

## હરિની દષ્ટિ...

- હરિન ભટ્ટ




**ડેડી, તમે ખોટું ભણ્યા અને મને ભણાવ્યો... ભણ્યા ન હોત તો આની જેમ બહાર બિન્દાસ્ત ફરતા ન હોત...??**

## વાત-વાતમાં.....

- ગાંધીનગરના ભાજપ મહાનગર એકમ દ્વારા વોર્ડ નં. ૫ માં ગોકુલપુરા તથા વાવોલના શાંતિનગર વિસ્તારમાં રહેતા જરૂરિયાતમંદોને શાકભાજીની ૮૦૦ કીટનું એટલે કે કુલ ૩ હજાર કિલો શાકભાજીનું વિતણ કરવામાં આવ્યુ હતુ. આ વિતરણ કાર્યમાં શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ ઉપરાંત શિરીશભાઈ મોદી, કલ્પેશભાઈ બ્રહ્મભટ્ટ, વોર્ડ પ્રમુખ મફતભાઈ દેસાઈ, વાલજીભાઈ દેસાઈ, જીવણભાઈ દેસાઈ સહિતના કાર્યકર્તાઓ સોશિયલ ડિસ્ટન્સિંગ રાખી જોડાયા હતા.
- લોકડાઉનના સમયમાં અત્યારે સોશિયલ મિડીયા પર સ્ટેટસ સ્ટોરીમાં વિવિધ પ્રકારની ચેલેન્જ પોતાના મિત્રોને આપવાનું ચલણ વધવા પામ્યું છે. ખાસ કરીને યુવા વર્ગમાં વધુ લોકપ્રિય બનેલી આ પ્રકારની ચેલેન્જિસમાં કપલ ફોટો, ગોગલ્સ સાથેનો ફોટો, મિત્રો સાથેનો જૂનો ફોટો વગેરે અપલોડ કરવાની ચેલેન્જ સૌથી વધુ લોકપ્રિય બની રહી છે.
- કોરોના મહામારી સામેની લડતમાં દેશવાસીઓ સરકારની પડખે રહી અત્યારે તમામ પ્રકારના ભેદભાવ, વાદ-વિવાદ ભુલી પોતાનું યોગદાન આપી રહ્યાં છે. ગાંધીનગરના સેક્ટર-૨૨ના શ્રી સ્થાનકવાસી જૈન સંઘ દ્વારા પણ કોરોના સામેની લડતને મજબૂત બનાવવા રૂ. ૭૫ હજારનો ચેક મુખ્યમંત્રી રાહતફંડમાં જમા કરાવવામાં આવ્યો હતો.

# આકરી ગરમી વચ્ચે લોકડાઉનમાં ઘરમાં રહેતા બાળકોમાં કેરમ રમવાનો ક્રેઝ

## હજુ લોકડાઉન લંબાવાનુ હોવાના સંકેતો મળતા નગરજનો ઘરમાં બાળકો સાથે ટાઇમ પાસ કરવા અનેક નુસખા અજમાવી રહ્યા છે

ગાંધીનગર તા ૯

કોરનાના કહેર વચ્ચે છેલ્લા ૧૫ દિવસથી લોકડાઉનની સ્થિતિ વચ્ચે નાગરિકો ઘરમાં પુરાયેલા છે. જેમ દિવસો વિતતા જાય છે. તેમ સતત ઘરમાં ઘુસીને રહેવાનુ નાગરિકો માટે મુશ્કેલ બનતુ જાય છે. મોટા તો ઠીક પરંતુ નાના બાળકોને ઘરમાં બેસાડી રાખવાનુ કામ પણ અત્યંત કપરુ છે. સમજણના અભાવ વચ્ચે બાળહઠનો સામનો કરવો પણ પરિવારજનો માટે ચેલેન્જરૂપ બને છે. ત્યારે બાળકો ઘરમાં રહીને અવનવી ઈનડોર ગેમ્સ રમીને સમય પસાર કરે તે માટે પુરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હાલ શહેરમાં દુધ, શાકભાજી અને મેડીકલ સ્ટોર્સ સિવાયની તમામ દુકાનો પણ બંધ છે. જયારે બાળકો ઘરની બહાર પણ રમી શકતા નથી. અલબત્ત સેકટરોના કોમન ચોકમાં આડા દિવસોમાં સાંજ પડતા જ ભુલકાઓનો કોલોહલ સાંભળવા મળતો હોય છે. કોમન ચોકમાં ક્રિકેટ, દોડ પકડ અને સાઈકલીંગ સહીતની મજા માણતા હોય છે. પરંતુ હાલ ઘરની બહાર નિકળવાનુ પણ શકય નથી ત્યારે બાળકો પણ ઘરમાં રમતા નજરે પડે છે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે સેકટરોના ઉદ્યાનોમાં પણ સુનકાર જોવા મળી રહ્યો છે. સેકટરોના કોમન પ્લોટમાં પણ કોઈ દેખાતુ નથી. આવા સંજોગોમાં વાલીઓ પણ બાળકોને વિવિધ ઈન્ડોર ગેમ્સ રમવા માટે પ્રોત્સાહીત કરી રહ્યા છે. બજારમાં રમકડા તેમજ સ્પોર્ટસની દુકાનો પણ બંધ છે. ત્યારે હાલ ટાઈમ પાસ કરવા માટે ઘરમાં અમદાવાદ, ચેસ, સાપસીડી અને કેરમ, પાના રમીને બાળકો આનંદ કરી રહ્યા છે. નગરના માર્ગ પર આજે એક વ્યકિત બાઈક પર કેરમનો જુગાડ કરીને જતો નજરે પડયો હતો. સેકટરોમાં લોકડાઉન અને આકરી ગરમી વચ્ચે ઘરમાં પુરાયેલા નાગરિકો પણ બાળકો સાથે અવનવી રમતોના સહારે ટાઈમ પાસ કરી રહ્યા છે. ત્યારે લોકડાઉન લંબાવાના સંકેતો મળતા હવે આ મામલે ઘરમાં હજુ લાંબા સમય સુધી રહેવાનુ છે તેવી માનસિક તૈયારી પણ કેળવી લીધી છે.



# સોનારડા ગામેથી ચાર શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા સોનારડા ગામે જાહેરમાં જુગાર રમતા ચાર શકુનીઓ પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ ૧૧૮૦ રૂપીયા જપ્ત કરીને જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ડભોડા પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન સોનારડા ગામે વણકરવાસમાં જુગાર રમાતો હોવાની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ પાડીને ગામના હરીન અમૃતભાઈ મકવાણા, ઉત્સવ મુકેશ મકવાણા, યશ મુકેશ મકવાણા અને અશોક નવિન મકવાણા ને જુગાર રમતા પકડી પાડ્યા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં ગરમી વધતાં જ સાપ નીકળવાની ઘટનાઓમાં વધારો

## દરરોજના ૪ થી ૫ સ્નેક રેસ્ક્યુ કોલ : મોટાભાગના સાપ ઝેરી : લોકડાઉ દરમ્યાન કમ્પાઉન્ડમાં આંટા મારતી વખતે સાવધાની રાખો

ગાંધીનગર, તા. ૭

એક તરફ શહેરમાં કોરોના મહામારીના પગલે લોકડાઉન અમલમાં છે ત્યારે બીજી તરફ ઉનાળાના આગમનને પગલે શહેરમાં વધી રહેલી ગરમીના કારણથી ઠેર ઠેર સરિસૃપો નીકળવાની ઘટનાઓ શરૂ થઈ જવા પામી છે. અત્યારે શહેરમાં દરરોજ ૪ થી ૫ સરિસૃપ નીકળવાની ઘટના બની રહી છે જેને પગલે કોરોના કટોકટીમાં પણ સ્નેકલવર્સ ગ્રુપ સહિત શહેરમાં સ્નેક રેસ્ક્યુનું કાર્ય કરતા જીવદયાપ્રેમીઓ તેમની સેવા આપી રહ્યાં છે. શહેરમાં ગરમીને પગલે બહાર આવી રહેલા સરિસૃપોમાં જેરી સરિસૃપોનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે.

ગાંધીનગર વનરાજી અને નદીકાંઠાનો વિસ્તાર હોવાને કારણે સરિસૃપોનું ઘર કહેવાય છે. શહેરમાં સરિસૃપોની સંખ્યા ખૂબ મોટી છે. શિયાળાની કડકડતી ઠંડીમાં ઠંડા લોહીનું શરીર ધરાવતા આ સરિસૃપો ચારેક માસ માટે શીત નિંદ્રામાં ચાલ્યા જતા હોય છે પરંતુ જેવી ગરમી શરૂ થાય એટલે આ સરિસૃપોનું પોતાના દરમાંથી કે ભૂગર્ભમાંથી બહાર નીકળવું શરૂ થઈ જતુ હોય છે અત્યારે શહેરમાં રોજના ૪ થી ૫ સ્નેક રેસ્ક્યુના કોલ મળી રહ્યા હોવાનું જણાવતા સ્નેકલવર્સ ગૃપના અમિત ગોંડેએ જણાવ્યું હતું કે આ સરિસૃપોમાં મોટાભાગના નાગ એટલે કે કોબ્રા, ધામણ, કાળોતરા અને રસેલ વાઈપર જેવાં ઝેરી સાપ હોય છે. આ સ્થિતિમાં નાગરિકોએ લોકડાઉન દરમ્યાન પોતાના કમ્પાઉન્ડ કે ઘરની આસપાસની ઝાડી ઝાંખરાવાળી જગ્યા કે ભંગાર ભર્યો હોય તેવી જગ્યાએ આંટા મારતી વખતે સાવચેતી રાખવી જરૂરી છે અને જો સાપ દેખાય તો સ્નેકલવર્સ ગૃપનો તુરંત સંપર્ક કરવો જોઈએ.





કડવા પાટીદાર સમાજ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રી રાહતનિધિમાં આજે પાંચ લાખનો ચેક નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલને અર્પણ કર્યો હતો. પરપ્રાંતિય શ્રમિકોને શોધી કરીયાણાની ૯૦ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પોઝિટીવ યોગ કેર અને ઉમિયા પરિવારના ભાઈ-બહેનોએ એક લાખનું ભંડોળ આપ્યું હતું.



કોબાના યુવાન અને ઉત્સાહી સરપંચ યોગેશભાઈ નાયીએ અમદાવાદ - ગાંધીનગર માર્ગ પર સેવા બજાવતા પોલીસકર્મીઓને બે વખત લીંબુનું શરબત પીવડાવ્યું હતું.



ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આવેલી નવી બિલ્ડીંગમાં કોવીડ હોસ્પિટલ બનાવવાની કામગીરી પુરજોશમાં ચાલુ છે.જેને પગલે નવી બિલ્ડીંગના તમામ વોર્ડ જુની બિલ્ડીંગમાં શિફટ કરાયા છે.ત્યારે સિવિલના કર્મચારીઓ બેડ એક સ્થળેથી બીજા સ્થળે મુકવાની કામગીરી કરતા નજરે પડે છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાતંત્ર દ્વારા ઉભી કરાયેલ બે રાહત છાવણીમાં આજે એક ખેડૂત દ્વારા ૮ બોરી બટાટા ભેટ સ્વરૂપે અપાયા છે.
- ગાંધીનગર જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર હનુમંતસિંહ જાડેજાએ કલમ ૧૪૪ના પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામા પછી મુક્તિ ના આપતા હુકમો અંગે નવેસરથી જાહેરનામુ પ્રસિદ્ધ કરેલ છે.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે ગ્રામ્ય વિસ્તારના સરપંચો અને તલાટીઓ તેમજ ગામના સહકારી આગેવાનોને સતર્ક અને સાવચેત રહેવાની અપીલ કરતો ઓડિયો મેસેજ લોકોને મનભાવન બન્યો છે.
- રાજયના શહેરી વિકાસ વિભાગે ૩૧-૩-૨૦૨૦ના રોજ નિવૃત્ત થયેલ ૮ મનપા અને ૧૬૦ થી વધુ નગરપાલિકાઓના કર્મયોગીઓને પુનઃ નિયુક્તી આપવા અંગે આજે પરિપત્ર જારી કર્યો છે.
- સે. ૨૩ના કડી સર્વ વિદ્યાલય ખાતે તંત્ર દ્વારા ઉભી કરાયેલ આશ્રય છાવણીમાં આશ્રિતો દ્વારા રોજ સાંજે સંગીત સંધ્યા તેમજ વાર્તાકથનથી એક અનેરી પરિવાર ભાવનાને પ્રોત્સાહિત કરાય છે. આ કાર્યક્રમ આશ્રિતો જ રજુ કરે છે અને દિવસનો આનંદ લૂંટે છે.



કોવિદ-૧૯, કોરોના રોગની મહામારી સામે લડત આપવા સારું રાજય સરકારને સામાજિક ધોરણે આર્થિક સહાયના ભાગરૂપે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને મહારાષ્ટ્ર સમાજના ટ્રસ્ટી સુધીર વિચારે, અધ્યક્ષ સુભાભાઈ લીમગવકર, સેક્રેટરી સોમનાથ ખાંદારે તથા સંતોષ મૂળે એ મહારાષ્ટ્ર સમાજ ગાંધીનગર સંચાલિત સિદ્ધિવિનાયક મંદિર તરફથી રૂપિયા ૧,૦૦,૦૦૦ (એક લાખ) મુખ્યમંત્રી રાહત નિધિમાં ચેક દ્વારા આપ્યા હતા.